PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૮/ક્વા–૦૨/૧૬–૧૭/ 8936 તા. 25/08/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
પરસોતમભાઈ જેરામભાઈ રૂપાપરા,
– રાધે –,
૩/૪ જ્યોતિનગર,,
કાલાવડ રોડ,
રાજકોટ

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૮–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૮૮/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૪..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જેતપુર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જેતપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



No. 06 A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૮૮/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૨૩–૦૯–૧૬ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: પરસોતમભાઈ જેરામભાઈ રૂપાપરા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી પરસોતમભાઈ જેરામભાઈ રૂપાપરા હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જેતપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જેતપુર)

રજુઆત કરનાર : આર.જે.વાળા, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જેતપુર

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના ગામ: જુની સાકડી ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૮૨૭/૦૦૪૦૭/૧ ( મીટર ટેરીફ– ૨૭.૫ હોપા), જે અગાઉ હોપા ટેરીફ મુજબ નુ હતુ. અને હાલ મીટર ટેરીફ હેઠળ તબદીલ થયેલ છે. જેથી, સદર જોડાણ ને ફરી પાછુ હોપા ટેરીફ મા મુકવા અરજદારે વિનંતી કરેલ છે. તેમજ, પીજીવીસીએલ તરફથી નબળી ગુણવતા ના મીટરો, અને ક્ષતિયુકત પાવર સપ્લાય મળવાના કારણોસર, અગાઉ તેઓનુ મીટર બળીગયેલ હતુ. જેનો તેઓએ રૂ.૨,૨૦૦/– અગાઉ ચાર્જ ભરપાઈ કરેલ હતો. હાલ ના તબ્બકે,પણ તેમના જોડાણ નુ મીટર, '' ડિસ્પ્લે ડિસ એપીયર '' મુજબ નુ – એટલેકે ક્ષતિગ્રસ્ત છે. તેમજ, ખેતીવાડી વીજજોડાણ મા ૨૪ કલાક પાવર સપ્લાય ઉપલબ્ધ ન હોય, જેથી, સમયપત્રક મુજબ રાત્રી ના – ૦૮ કલાક ના વીજપુરવઠા સમયે, તેઓને રાત્રી ના સમયે સીચાઈ કરવાની કામગીરી સમયે, સીચાઈ વાળી અંર્તયાળ એવી અંઘારી જમીન પર, જંગલી જાનવરો ના કાયમી ઘોરણે જોખમ રહે છે. જેથી, ખેતીવાડી વીજજોડાણ ને ૨૪ કલાક વીજપુરવઠો આપવા અરજદારે વિનંતી કરેલ છે. |
| ૧.૨ | જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૬ મા, ૯,૪૩૫ યુનીટ નુ રૂ.૫,૭૨૧/– નુ બીલ, જે તે સમયે બોર મા પુરતુ પાણી હોય, યોગ્ય છે. પરંતુ, ત્યારબાદ ના સમયગાળા એટલેકે માર્ચ–૧૬ મા કુવામા પાણી ન હોય, વીજવપરાશ ન થતો હોય છતા, ૧,૨૫૬ યુનીટ નુ જે બીલીગ થયેલ છે, તે પણ બીન વાસ્તવિક છે. |
| ૧.૩ | હાલમા, તેઓને સવાલવાળુ, માહે મે–જુન –૧૬ નુ ૬,૭૮૦ યુનીટ નુ રૂ.૪,૧૨૮/– નુ જે સવાલવાળુ વીજબીલ અપાયેલ છે, તે સમયગાળા દરમ્યાન મીટર ખરેખર ચાલુ હોય, પરંતુ, બોર મા પાણી ન હોય, વીજવપરાશ થતો ન હોવા છતા, પીજીવીસીએલ તરફથી, ૬,૭૮૦ યુનીટ નુ બીલીંગ થયેલ છે. તેમજ, ત્યારબાદ ના માહે જુલાઈ–ઓગષ્ટ –૧૬ મા, ફરી વખત તેઓને ૬,૭૮૦ યુનીટ નુ રૂ.૪,૧૨૮/– નુ બીલીગ થયેલ છે. આમ, તેઓનુ મીટર ચાલુ હોવા છતા, મે–જુન –૧૬ નુ ૬,૭૮૦ યુનીટ નુ તેમજ જુલાઈ–ઓગષ્ટ –૧૬ મા પણ , ફરી વખત તેઓને ૬,૭૮૦ યુનીટ ના જે કુલ ૦૨ બીલો '' ફોલ્ટી સ્ટેટસ હેઠળ ની એવરેજ'' મુજબ ના અપાયેલ છે, તે ૦૨ બીલો ના સમયગાળા દરમ્યાન તેઓના ૧૨૧૫ ફુટ ઉંડા બોર મા પાણી ન હોય, જેથી, ખરેખર વીજવપરાશ ઓછો હોય, ઓછા યુનીટ જ મીટર મા નોંઘાયેલ હોય, આ બે બીલો ખરેખર ઓછા યુનીટ ના બનવાને બદલે – એટલેકે વાસ્તવિક રીડીગ ને બદલે, ૬,૭૮૦ યુનીટ – ફોલ્ટી મીટર સ્ટેટસ રીડીગ મુજબ જ અપાયેલ છે. અરજદારે આ બન્ને વીજબીલો ને ન્યાયિક રીતે મુલવવા માટે, ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. |
| ૧.૪ | આમ, તેઓને માહે મે–જુન –૧૬ તેમજ જુલાઈ–ઓગષ્ટ –૧૬ ના બન્ને વીજબીલો, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના, પ્રત્યેક ૬,૭૮૦ યુનીટ ના અપાયેલ હોય, જેથી, તેઓએ સદર મીટર બદલાવવા માટે તા.૦૧–૦૭–૧૬ ના રોજ રૂ.૨૦૦/– ચાર્જ ભરપાઈ કરી અને, પીજીવીસીએલ મા લેખીત અરજી આપેલ છે. જેથી, તેઓનુ સદર મીટર, લેબોરેટરી મા ગુણવતા યુકત ચકાસણી કરી, એમ.આર.આઈ. અહેવાલ મેળવી, મીટર જો ખરેખર તાંત્રીક રીતે યોગ્ય જણાય તો, સદર બન્ને બીલો ને, ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી ઘોરણે મુલવી, અને રીવાઇઝ કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબત ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ બાબતે ની માંગણીઓ, અરજદાર શ્રી એ અગાઉ માંગણીઓ, જે ફોરમ સમક્ષ, નોંધણીનંબર /૨૮/કવા–૦૧/૧૫–૧૬ થી ફરીયાદ રૂપ મ નોંધાવેલ હતી. જેના અનુસંધાને, અગાઉ ફોરમ તરફથી હુકમ નં. પીજીવીસીએલ સીજીઆરએફ/૨૮/કવા–૦૧/૧૫–૧૬/૪૯૪૪ તા. ૨૮–૦૫–૧૫ થી થયેલ છે. જે હુકમ મા સદર માંગણીઓ વિશે વિસ્તૃત છણાવટ, ફોરમ કમિટી તરફથી થયેલ છે. |
| ૨.૨ | અરજદાર શ્રી એ, તેઓના ગામઃ જુની સાકડી ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૮૨૭/૦૦૪૦૭/૧, જે અગાઉ મુળ ૦૫ હોપા ના વીજભાર વાળુ, મીટર ટેરીફ મુજબ નુ હતુ. તે જોડાણ ને અરજદાર શ્રી એ, હૈયાત ૦૫ હોપા મા વધારાના ૨૨.૫ હોપા નો વીજભાર વધારો માંગી, અને જોડાણ ને કુલ ૨૭.૫ હોપા ના વીજભાર મુજબ નુ, હોપાટેરીફ માથી મીટર ટેરીફ મા, વૈકલપીક પસંદગી અન્વયે ની લેખીત અરજી આપીને જ, હાલ સદર જોડાણ ને, ૨૭.૫ હોપા ના વીજભાર વાળા, મીટર ટેરીફ મા ખુદ અરજદારે જ તબદીલ કરાવેલ છે. પરંતુ, અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા, સદર જોડાણ ને ફરી પાછુ, '' મીટર ટેરીફ માથી હોપાટેરીફ મા'' તબદીલ કરવા માટે વિનંતી કરેલ છે. પરંતુ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ, આ મુજબ ની તબદીલી કાર્યવાહી નિયમાધીન ન હોય, અરજદાર ની અરજી માન્ય રાખી શકાય નહી. તેમજ, અરજદાર શ્રી એ, તેમની ફોરમ સમક્ષ ની અરજી મા કરેલ માંગણી મુજબ, ખેતીવાડી વીજજોડાણકારો ને ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ કરવાની વિનંતી પણ, રાજય સરકાર શ્રી ના ધારાધોરણ અન્વયે ની નિતી અન્વયે ના પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મા સમાવિષ્ટ ન હોય, માન્ય રાખી શકાય નહી. જે બાબતે પીજીવીસીએલ તરફથી, આ મુજબ ની ખાસ સ્પષ્ટતા થયેલ છે. |
| ૨.૩ | અરજદાર શ્રી ની અન્ય ફરીયાદ, જે નબળી ગુણવતા ના મીટર બાબત ની હોય, આ બાબતે સ્પષ્ટતા આપવાની કે, પીજીવીસીએલ કંપની તરફથી જે કંઈ મીટર ની ખરીદી થાય છે તે મીટરો, '' ઈન્ડીયન સ્ટાન્ર્ડડ પ્રમાણે ના ઉચ્ચ ગુણવતા ના સ્પેશીફીકેશન '' ને આધિન રહીને જ વીજકંપની તરફથી ખરીદવામા આવે છે. તદઉપરાંત, અગાઉ અરજદારે, જે તેમના સદર ખેતીવાડી વીજજોડાણ ના બર્ન્ટ મીટર નો, જે ચાર્જ રૂ.૨,૨૦૦/–, જે પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ છે, તે ચાર્જ, જે અરજદાર નુ સદર મીટર બળી ગયેલ હોવાના કારણોસર, અરજદાર પાસેથી પીજીવીસીએલ દ્રારા બીલ મારફત વસુલ કરાયેલ છે. તે ચાર્જ પણ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની જોગવાઈ મુજબ નો જ છે. |
| ૨.૪ | અરજદાર શ્રી ના, હાલ ના તબ્બકે ના, સદર મીટર ટેરીફ વાળા ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૮૨૭/૦૦૪૦૭/૧ ( ૨૭.૫ હોપા) મા, અગાઉ માહેજુલાઈ–ઓગષ્ટ –૧૫ મા – ૧૧,૪૫૦ યુનીટ, સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ મા ૧૧,૮૨૫ યુનીટ, નવેમ્બર –ડિસેમ્બર –૧૫ મા ૯,૬૬૦ યુનીટ, જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૬ મા, ૯,૪૩૫ યુનીટ, માર્ચ–એપ્રીલ –૧૬ મા ૧૨૫૬ યુનીટ ના જે વીજબીલો અપાયેલ છે, તે વીજબીલો જોડાણ મા વપરાશી થયેલ ખરેખર વીજભાર અન્વયે વપરાશી યુનીટ મુજબ ના જ છે. જોડાણ મા માહે નવેમ્બર –ડિસેમ્બર –૧૫ મા ૯,૬૬૦ યુનીટ, જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૬ ૯,૪૩૫ યુનીટ, અને માર્ચ–એપ્રીલ –૧૬ મા ૧૨૫૬ યુનીટ, એમ કુલ ૦૩ બીલીંગ સમયગાળા દરમ્યાન કુલ ૨૦,૩૫૧ યુનીટ નો વાસ્તવિક વીજવપરાશ થયેલ છે. જે પ્રતિ દ્રીમાસીક વીજબીલ સરેરાશ ૬,૭૮૩ યુનીટ થવા જાય છે. |
| ૨.૫ | અરજદાર શ્રી ના સદર જોડાણ નુ સવાલવાળુ એચ.પી.એલ કંપની નુ, મીટર નંબરઃ પીજી ૪૬૯૧૮૧, જેમા '' ડિસ્પ્લે ડીસ એપીયર જણાયેલ હોય '' અરજદાર શ્રી ની તા.૩૦–૦૬–૧૬ ની લેખીત ફરીયાદ અરજી ના આધારે, સદર સવાલવાળુ મીટર ચેકીંગ શીટ નં. ૦૫૮૮૪૬ તા.૦૪–૦૭–૧૬ થી, સ્થળ પર થી ઉતારી અને પેપરપેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા ૨૭.૫ હોપા નો વીજભાર જોડાયેલ હતો, અને મીટર મા '' ડિસ્પ્લે ડીસ એપીયર ની સ્થિતી હેઠળ '' અવાચ્ય રીડીંગ જણાયેલ હતા. ત્યારબાદ, તા.૧૧–૦૮–૧૬ ના રોજ, સદર સવાલવાળુ એચ.પી.એલ કંપની નુ, મીટર નંબરઃ પીજી ૪૬૯૧૮૧, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરીમા, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન '' મીટર નુ ટોપ કવર જોતા અંદર થી કાળી મેશ ચોંટેલી જોવા મળેલ છે. તેમજ મીટર ને ટેસ્ટ બેન્ચ પર ચડાવતા કોઈપણ પ્રકાર ના રીડીંગ મળતા નથી. ડિસ્પ્લે બંધ આવે છે. અને મીટર બળેલ છે. '' તે બાબત સ્પષ્ટ થયેલ હતી. |

| | |
|---|---|
| <u>૨.૬</u> | આમ, અરજદાર શ્રી નુ સવાલવાળુ મીટર ખરેખર '' લેબોરેટરી ચકાસણી દરમ્યાન બળેલ '' જણાયેલ હોય, મીટર ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા દરમ્યાન નુ બીલીગ, જે – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૧/૨૦૦૫ ના મુદદા નં. ૬.૧.૮ અને ૬.૧.૧૧ ( અગાઉ નો સપ્લાય કોડ) તેમજ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮( હાલ નો સપ્લાય કોડ) મા કરાયેલ જોગવાઈ મુજબ, – જોડાણ મા , અગાઉ, મીટર ખરેખર તાંત્રીક રીતે યોગ્ય હોય, અને વાસ્તવિક વીજવપરાશી યુનીટ નોંધતુ હોય, તે મુજબ ના, અગાઉ ના કુલ ૦૩ બીલીગ સમયગાળા દરમ્યાન ના વાસ્તવિક વીજવપરાશી યુનીટ ના ધોરણે ની, પ્રતિ બીલીગ સરેરાશ મુજબ ના યુનીટ ની ગણતરીએ, ક્ષતિગ્રસ્ત મીટર સમયગાળા નુ બીલીગ કરવાની જોગવાઈ અન્વયે નુ માર્ગદર્શન છે. અરજદાર ના સદર જોડાણ મા, ૨.૪ મા વર્ણવેલ વિગત મુજબ; આ મુજબ ના અગાઉ ના, માહે નવેમ્બર –ડિસેમ્બર –૧૫ મા ૯,૬૬૦ યુનીટ, જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૬ મા ૯,૪૩૫ યુનીટ, અને માર્ચ–એપ્રીલ –૧૬ મા ૧૨૫૬ યુનીટ, એમ સદર કુલ ૦૩ બીલીગ સમયગાળા દરમ્યાન, કુલ ૨૦,૩૫૧ યુનીટ નો, વાસ્તવિક વીજવપરાશ નોંધાયેલ છે. જે પ્રતિબીલ સરેરાશ ૬,૭૮૩ ( ૨૦,૩૫૧ ÷ ૦૩ = ૬,૭૮૩ યુનીટ ) થવા જાય છે. આ ધોરણ ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ને, માહે (૧) મે–જુન –૧૬ નુ ૬,૭૮૦ યુનીટ નુ તેમજ (૨) જુલાઈ–ઓગષ્ટ –૧૬ નુ ૬,૭૮૦ યુનીટ નુ, એમ જે કુલ ૦૨ વીજબીલો, જે જોડાણ મા સ્થપાયેલ સરેરાશ દ્રીમાસીક વીજવપરાશી ૬,૭૮૦ યુનીટ મુજબ ના અપાયેલ છે, તે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ થી ૧.૪ મુજબ ની વિગતે ની ફરીયાદ, અને ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને કરાયેલ મૌખીક રજુઆત, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ થી ૨.૬ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી એ, તેમની ફરીયાદ અરજી મા – જે, તેમના જોડાણ ને, '' મીટર ટેરીફ માથી હોપાટેરીફ '' મા તબદીલ કરવા માટે ની, તથા ખેતીવાડી વીજજોડાણો મા ૨૪ કલાક વીજપુરવઠો આપવા બાબતે ની, તેમજ નબળી ગુણવતાવાળા માલ–સામાન ની બાબત, તેમજ બળેલ મીટર ના ચાર્જ વસુલ કરવા બાબત – વગેરે તમામ બાબતો, મહદઅંશે વીજકંપની ની નિતિ –વિષયક સબંધક છે. તેમજ ; અરજદાર શ્રી ની અગાઉ ફોરમ સમક્ષ ની, મહદઅંશે આ મુજબ ની માંગણીઓ, જે અત્રેના ફોરમ તરફથી, અગાઉ હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/કવા–૦૧/૧૫–૧૬/૪૯૪૪ તા. ૨૮–૦૫--૧૫ થી વિસ્તૃત છણાવટ ફોરમ કમિટી તરફથી થયેલ છે.જેથી, અરજદાર શ્રી ની સદર ફેર માંગણીઓ પરત્વે, અત્રેના ફોરમ તરફથી કઈ કરવાનુ રહેતુ નથી. |
| <u>૩.૨</u> | ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૮૨૭/૦૦૪૦૭/૧ ( ૨૭.૫ હોપા -- મીટર ટેરીફ) નુ સવાલવાળુ એચ.પી.એલ કંપની નુ, મીટર નંબરઃ પીજી ૪૬૯૧૮૧, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન '' બળેલ '' જાહેર થયેલ છે. બળેલ મીટર ના સમયગાળા મા, જોડાણ મા, તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા નોંધાયેલ વાસ્તવિક યુનીટ રીડીગ અન્વયે, પ્રસ્થાપિત થયેલ સરેરાશ બીલીગ યુનીટ મુજબ નુ બીલીગ કરવાની જોગવાઈ, જે– નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૧/૨૦૦૫ ના મુદદા નં. ૬.૧.૮ અને ૬.૧.૧૧ ( અગાઉ નો સપ્લાય કોડ) તેમજ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮( હાલ નો સપ્લાય કોડ) મા માર્ગદર્શીકા હેઠળ થયેલ છે. સદર કેઈસ ના, ક્ષતિગ્રસ્ત મીટર ના, પહેલાના બીલીગ સમયગાળા દરમ્યાન, પ્રતિ દ્રીમાસીક ૬,૭૮૦ યુનીટ ની સરેરાશ પ્રસ્થાપિત થયેલ છે. જેથી, ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા નુ બીલીગ, સદર ૬,૭૮૦ યુનીટ ની ગણતરીએ કરવાની બાબત નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા મુજબ યોગ્ય છે. |

| | |
|---|---|
| **૩.૩** | અરજદાર ના સદર જોડાણ મા, (૧) માહે માર્ચ–એપ્રીલ –૧૬ ના બીલીગ નો સમયગાળો, જે – તા.૨૯–૦૪–૧૬ સુધી નો સમયગાળો, જે તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા નોંધાયેલ વાસ્તવિક યુનીટ રીડીગ મુજબ નો જ છે. જયારે, માહે મે–જુન –૧૬ ના સમયગાળા – એટલેકે તા.૩૦–૦૪–૧૬ થી તા.૨૨–૦૬–૧૬ સુધી ના સમયગાળા દરમ્યાન, સદર મીટર ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ છે. આમ, માહે મે–જુન –૧૬ નો સંપુર્ણ સમયગાળો, ક્ષતિગ્રસ્ત મીટર ની, સ્થળ પર ની હૈયાતી વાળો હોય, સદર ક્ષતિગ્રસ્ત મીટર સમયગાળા નુ બીલીગ, જે ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના, જોડાણ મા પ્રસ્થાપિત થયેલ વાસ્તવિક સરેરાશી ૬,૭૮૦ યુનીટ ની ગણતરીએ થયેલ છે. જેથી, ફોરમ કમિટી તરફથી, અરજદાર શ્રી ના સદર જોડાણ માં, માહે મે–જુન –૧૬ ના સમયગાળા દરમ્યાન નુ, જે ૬,૭૮૦ યુનીટ ના ફોલ્ટી સ્ટેટસ હેઠળ નુ બીલીગ થયેલ છે, તે બીલીગ ને યોગ્ય ઠેરાવે છે. |
| **૩.૪** | ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નુ ક્ષતિગ્રસ્ત મીટર, જે તા.૦૪–૦૭–૧૬ ના રોજ બદલાવવામા આવેલ છે. આ સમયગાળો માહે જુલાઈ–ઓગષ્ટ –૧૬ નો સમયગાળો, જે તા.૨૩–૦૬–૧૬ થી તા.૨૧–૦૮–૧૬ સુધી ના, ૬૦ દિવસ છે. આ સમયગાળા દરમ્યાન, તા.૨૩–૦૬–૧૬ થી તા.૦૩–૦૭–૧૬ સુધી ના ૧૧ દિવસ, ક્ષતિગ્રસ્ત મીટર ની હૈયાતી વાળા છે. જયારે, તા.૦૪–૦૭–૧૬ થી તા.૨૧–૦૮–૧૬ સુધી ના, ૪૯ દિવસો તાંત્રીક રીતે યોગ્ય એવા, તા.૦૪–૦૭–૧૬ થી લગાડવામા આવેલ હોય, તેવા નવા મીટર ના સમયગાળા ના છે. આમ, અરજદાર શ્રી ને માહે જુલાઈ–ઓગષ્ટ –૧૬ ના, તા.૨૩–૦૬–૧૬ થી તા.૨૧–૦૮–૧૬ સુધી ના, ૬૦ દિવસ નો સમયગાળો, જે સંપુર્ણ પણે, '' ક્ષતિગ્રસ્ત મીટર '' ની હૈયાતી વાળો નથી. જેથી, અરજદાર શ્રી ના જોડાણ નુ, માહે જુલાઈ–ઓગષ્ટ –૧૬ નુ બીલીગ, જે સંપુર્ણ પણે, '' ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના ૬,૭૮૦ યુનીટ ની ગણતરીએ'' કરવાને બદલે, તા.૨૩–૦૬–૧૬ થી તા.૦૩–૦૭–૧૬ સુધી ના ૧૧ દિવસ નુ બીલીગ, જે દિવસો દરમ્યાન, ક્ષતિગ્રસ્ત મીટર સ્થળ પર હૈયાત હોવાથી, ક્ષતિગ્રસ્ત મીટર અન્વયે ની સરેરાશ મુજબ, પ્રતિ દ્રીમાસીક ૬,૭૮૦ યુનીટ સરેરાશ ની ગણતરી ના ઘોરણે, એટલેકે પ્રતિદીન ૧૧૩ યુનીટ ( ૬,૭૮૦ યુનીટ ÷ ૬૦ યુનીટ = ૧૧૩ યુનીટ ) ની ગણતરીએ, ૧૧ દિવસ માટે ના ૧૨૪૩ યુનીટ (૧૧૩ × ૧૧ = ૧૨૪૩ યુનીટ ) તથા, નવા મીટર મા, તા.૦૪–૦૭–૧૬ થી તા.૨૧–૦૮–૧૬ સુધી ના ૪૯ દિવસો દરમ્યાન નોંધાયેલ, વાસ્તવિક વીજવપરાશી એવા ૯૦૦ યુનીટ – એમ કુલ ( ૧૨૪૩ યુનીટ + ૯૦૦ યુનીટ = ૨૧૪૩) ૨૧૪૩ યુનીટ મુજબ ની ગણતરીએ, માહે જુલાઈ–ઓગષ્ટ –૧૬ નુ બીલીગ કરવાની બાબત, ફોરમ કમિટી ને નિયમાઘીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. આમ, અરજદાર શ્રી ને અપાયેલ માહે જુલાઈ–ઓગષ્ટ –૧૬ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, ૬,૭૮૦ યુનીટ નુ બીલ રદ કરી, અને ૬,૭૮૦ યુનીટ ને બદલે, ૨૧૪૩ યુનીટ ની ગણતરીએ, અરજદાર શ્રી તેમજ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, રીવાઇઝ કરવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો સદર કેઈસ મા, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના જોડાણ મા માહે મે–જુન –૧૬ મા કરાયેલ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, ૬,૭૮૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ નુ, જે વીજબીલ અપાયેલ છે, તે યોગ્ય છે. |
| **૪.૨** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના જોડાણ મા માહે જુલાઈ–ઓગષ્ટ –૧૬ મા કરાયેલ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, ૬,૭૮૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ નુ, જે વીજબીલ અરજદાર શ્રી ને અપાયેલ છે, તે વીજબીલ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના ૬,૭૮૦ યુનીટ ને બદલે, એટલેકે આ ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ ૬,૭૮૦ યુનીટ નુ વીજબીલ રદ કરીને, સદર જુલાઈ–ઓગષ્ટ –૧૬ ના ૬,૭૮૦ યુનીટ ને બદલે, ૨૧૪૩ યુનીટ ની ગણતરીએ, અરજદાર શ્રી તેમજ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, રીવાઇઝ કરવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..